# મામાના ઘરે આવેલ ૫ વર્ષીય ભાણેજનું મકાન ધરાશાયી થતા મોત, ૬ ઈજાગ્રસ્ત

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં મોડી રાત્રે ભારે પવન





ફૂંકાયો હતો. અને આ સાથે જ ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. ભારે પવન સાથે ત્રાટકેલું વાવાઝોડું બંને જીલ્લામાં આફતરૂપી બની રહેતા ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦થી વધુ કાચા મકાનો ધરાશાયી થયા હતા. ભિલોડાના લાલપુર ગામે મકાન ધરાશાયી થતા મામાના ઘરે દાવલી ગામમાંથી આવેલ ૫ વર્ષીય રણવીર લાલાભાઈ ખાંટ નામનો બાળક સહીત ૭ લોકો કાટમાળ દટાતા રણવીરનું મોત નીપજ્યું હતું. આજુબાજુથી દોડી આવેલા લોકોએ કાટમાળ નીચે દટાયેલા ૬ લોકોને બહાર કાઢી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ મારફતે મોડાસા સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા.

ભિલોડામાં આભ ફાટ્યું હોય તેમ રાત્રીના સુમારે બે કલાકમાં ૭ ઈંચ વરસાદ સાથે વાવાઝોડું ત્રાટકતા નીચાણવાળા વિસ્તારોમાં પાણીમાં ગરકાવ થઈ



ગયા હતા. ભિલોડાને જોડાતા માર્ગો પર ઝાડ ધરાશાયી તમામ માર્ગો બંધ થઈ જતા લોકોએ ભારે હાલાકીનો સામનો કરવો પડયો હતો. તંત્રએ રોડ પરથી ઝાડ હટાવવાની કામગીરી હાથ ધરી હતી. વીજપુરવઠો ખોરવાયો હતો. હાથમતી, બુઢેલી અને ઇન્દ્રાસી નદી બે કાંઠે વહેતા કાંઠાના ગામોને એલર્ટ કરાયા હતા. મોડાસા, બાયડ, ધનસુરા, માલપુર અને મેઘરજ તાલુકામાં ૩ ઈંચ જેટલો વરસાદ પડતા ખેતરોમાં પાણી ફરી વળ્યાં હતા અને કાચા-પાકા મકાનો અને ઝાડ ઠેર ઠેર પડી જતા અને નવરાત્રી મહોત્સવમાં મંડપ અને ખાણીપીણીના સ્ટોલ જમીનદોસ્ત થયા હતા. હૉર્ડિંગ્સ બોર્ડ પણ તૂટી પડ્યા હતા.

સાબરકાંઠાના પ્રાંતિજ પંથકમાં વાવાઝોડા સાથે કાલીપુરા ગામે વાદળો જમીન પરથી આકાશે જતા હોય તેવા બિહામણા દ્રશ્યો સાથે બવંડરથી મકાનોના પતરા ઉડ્યા હતા અને ઠેર ઠેર વૃક્ષો ધરાશયી થવાની ઘટના બની હતી. સાબરકાંઠા જીલ્લામાં નદીઓ બે કાંઠે વહી રહી છે. બંને જીલ્લામાં અનેક કોઝવે પર પાણી ફરી વળતા ૫૦થી વધુ ગામો સંપર્ક વિહોણા બન્યા હતા. ચાલુ સાલે મેઘરાજાની ધબધબાટી થી મેઘમહેરના બદલે મેઘકહેર બની રહેતા લોકોમાં ભારે ચિંતાનું મોજું ફરી વળ્યું છે. મેઘરાજા ખમૈયા કરે તેવી પ્રાર્થના ખેડૂતો કરી રહ્યા છે.

## બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના ભારતીય કિસાન સંઘના ખેડૂતોએ આપ્યું આવેદનપત્ર

કાંકરેજ, તા. ૧

૫૦ હોર્સપાવરથી વધુ બોર હોય તેવા ખેડૂતોને સબસીડી આપવી. વિજબીલમાં ૫૦ ટકા ઘટાડો કરવો. કાંકરેજમાં બોરના પાણીના તળ ૧૦૦૦ થી ૧૨૦૦ ફૂટ ઉંડા હોવાથી ખેડૂતો માટે બનાસ નદીમાં તાત્કાલિક ધોરણે પાણી સોડવામાં આવે.

બોર ઉપરથી મીટર પ્રથા બંધ કરવી. તેમજ ખેતી પાકોમાં પોષણક્ષમ ભાવો આપવા જેવી બાબતો ધ્યાનમાં લઈને આજે ૫૦ જેટલા ખેડૂતોએ સર્કિટહાઉસ શિહોરીથી રેલી કાઢી હતી અને મુખ્ય બજાર થઈ કાંકરેજ મામલતદાર કચેરીમાં પહોંચી હતી અને જય જવાન જય કિસાનના નારા લગાવી ખેડૂતોની માંગો પુરી કરો તેમજ સરકાર પોતાના વચનોથી ફરી ગઈ હોવાનું જણાવ્યું હતું, એટલે હવે કિસાન સંઘના પ્રમુખ વાઘાભાઈ પટેલ, મંત્રી મફાભાઈ દેસાઈ, અરવિંદભાઈ ગોહિલ પ્રમુખ શક્તિ પીઠ શિહોરી ભારતીય જનતા પાર્ટી સહિતના અનેક ખેડૂતો રેલીમાં જોડાયા હતા અને ખેડૂતોની માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા કાંકરેજ મામલતદારે ખાત્રી આપી હતી.

### અંબાજી બસ અકસ્માતમાં મૃતાંક વધીને ૨૨

# મૃતકોના પરિજનોને ૪-૪ લાખની સહાયની જાહેરાત

અમદાવાદ, તા.૧

બનાસકાંઠા જિલ્લાના અંબાજીના ત્રિશુલિયા ઘાટ નજીક ગઈકાલે વરસતા વરસાદ વચ્ચે એક ખાનગી ટ્રાવેલ્સની લક્ઝરી બસે વળાંકમાં ફુલસ્પીડના કારણે સ્લીપ થવાની પલ્ટી ખાતાં સર્જાયેલા જોરદાર ગમખ્વાર અકસ્માતમાં માર્યા ગયેલા ૨૨ મૃતકોના પરિવારજનોને રાજય સરકાર દ્વારા આજે રૂ.ચાર-ચાર લાખની સહાયની જાહેરાત કરવામાં આવી હતી. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે મુખ્યમંત્રી રાહત નિધિમાંથી આ સહાય આપવાની આજે જાહેરાત કરવામાં આવી હતી. જયારે અકસ્માતમાં ઈજા પામેલા ઈજાગ્રસ્તોને પણ રૂ.૫૦-૫૦ હજારની સહાયની જાહેરાત કરાઈ હતી. બીજીબાજુ, આજે મૃતકોના પંથકોમાં તેમના અંતિમ સંસ્કાર સહિતની વિધિ વેળાએ પણ જાણે શોકનો માતમ છવાયો હતો અને સ્થાનિક લોકો-ગ્રામજનો રીતસરના હીબકે ચઢયા હતા. આ અગાઉ, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ આ ગમખ્વાર અકસ્માતમાં ભોગ બનનાર મૃતકોના વારસોને રૂ.દસ-દસ લાખ અને ઈજાગ્રસ્તોને પાંચ-પાંચ લાખ રૂપિયાની સહાય આપવા મુખ્યમંત્રીને પત્ર પાઠવી માંગ કરી હતી. જો કે, સરકારે તેના નિયત ધારાધોરણો મુજબ જ સહાયની જાહેરાત કરી હતી. ઉલ્લેખનીય છે કે, બનાસકાંઠા જિલ્લામાં ગઈકાલે ધોધમાર વરસાદ વરસી રહ્યો હતો તે દરમ્યાન બપોરે અંબાજીના ત્રિશુલિયા ઘાટ નજીક પૂરપાટ ઝડપે આવી રહેલી ખાનગી ટ્રાવેલ્સ કંપનીની લકઝરી બસ વળાંકમાં અચાનક જ પલ્ટી ખાઈ ગઈ હતી અને ટ્રક તથા એક જીપને હડફેટે લેતાં જોરદાર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બસ અંબાજીથી દાંતા તરફ આવી રહી હતી તે દરમ્યાન આ અકસ્માત સર્જાયો હતો. લક્ઝરી બસમાં ૬૫થી વધુ મુસાફરો બસમાં સવાર હતા. આ ગમખ્વાર અકસ્માતમાં ૨૨ લોકોના કરૂણ મોત નીપજયા હતા, જયારે ૪૫ થી વધુ લોકોને ઈજા થઈ હતી. ભોગ બનેલાઓમાં મોટાભાગના લોકો આણંદ, બોરસદ, આંકલાવના હોવાની વિગતો સામે આવી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નજીકની પાલનપુર રેફરલ હોસ્પિટલ સહિતની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

## ચોથા નંબર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પરંતુ હથિયરા કેવા પ્રકારના છે, સેનાની કુલ શ્રમશક્તિ કેટલી છે, એ દેશની વસતી કેટલી છે, ભૂગોળ અને વિકાસના સંદર્ભમાં સૈન્ય શક્તિનું સ્વરૂપ કેવું છે?

રેક્િંગમાં પરમાણુ હથિયાર સંપન્ન દેશોના બોનસ અંક આપવામાં આવ્યા છે, પરંતુ અંતિમ રેક્િંગમાં આ આંકડાનો સમાવેશ કરાયો નથી. વિવિધ ધોરણોના આધારે દુનિયાની સૌથી વધુ ૨૫ શક્તિશાળી સેનાની યાદી તૈયાર કરાઈ છે.

આ યાદી અનુસાર ભારત પાસે કુલ ૩૪,૬૨,૫૦૦નું સૈન્ય બળ છે, કુલ ૨૦૮૨ વિમાન અને ૪૧૮૪ ટેંક છે. આ ઉપરાંત, એક વિમાનવાહક જહાજ અને કુલ ૨૯૬ નૌકાદળ સંપત્તિઓ છે. ભારતનું કુલ સંરક્ષણ બજેટ ૫૫.૨ અબજ ડોલરનું છે. જેની સામે પાકિસ્તાનની સેનામાં જવાનોની કુલ સંખ્યા ૧૨,૦૪,૦૦૦ છે. પાક. સેના પાસે ૧૩૪૨ વિમાન છે અને તેનું સંરક્ષણ બજેટ ૭ અબજ ડોલરનું છે.

## પ્રારંભ કરાવશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આઝાદીના દાયકાઓ બાદ પણ ક્યારેય ન થયુ હોય તેવું કામ આજે પૂર્ણ થયુ છે ગુજરાતને તેનું ગૌરવ અપાવવાની આ કાર્યક્રમ થકી તક આપી છે તે આપણા સૌ ગુજરાતીઓ માટે ગૌરવરૂપ છે.

રીવરફ્રન્ટ ખાતે યોજાનાર આ સરપંચ સંમેલનમાં ગુજરાતના ૧૦,૦૦૦ સરપંચો તથા ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, પંજાબ, હરીયાણા સહિત અન્ય રાજયો અને કેન્દ્રસાશિત પ્રદેશના ૧૦,૦૦૦ સરપંચો મળી કુલ-૨૦,૦૦૦ સરપંચો ભાગ લેનાર છે. ઉપરાંત સ્વચ્છતાગ્રહી, સ્વ-સહાય જુથો, યોજના સાથે સંકળાયેલા ગ્રામ્ય સ્તરના સ્વચ્છતા વર્કરો, મહિલા ચેમ્પીયન મળી કુલ પ્રતિનિધિઓના ૬૦ % થી વધુ બહેનો ભાગ લે તે માટે અગ્રીમતા પણ અપાઈ છે.

આ કાર્યક્રમમાં વિવિધ રાજ્યોમાંથી ઉપસ્થિત થનાર ૧૦,૦૦૦ થી વધુ સરપંચોને અમદાવાદ, સુરત, વડોદરા અને મહેસાણા એમ ચાર ઝોનમાં વિભાજીત કરી ગાંધીજીની સ્મૃતિને લગતાં સ્થળોની મુલાકાત પણ કરાવાશે એટલુ જ નહી ગુજરાતની પરંપરાગત સંસ્કૃતિ એવી નવરાત્રીના ગરબા સ્થળે પણ મુલાકાત કરાવાશે. સાથે-સાથે તેમના માટે કાર્યક્રમમાં સહભાગી થવા માટે ૪૦૦ થી પણ વધુ બસોની વ્યવસ્થા કરાઈ છે.

## આખું શહેર ઘમરોળાયું.... ● છેલ્લા પાનાનું ચાલુ

વિપરિત અસર જોવા મળી હતી. સેકટરોની શેરીઓમાં ગરબા મેદાનમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જયારે ગરબા બંધ રહેતા સેકટરોમાં સુનકાર પ્રવર્તયો હતો. કાદવ કિચ્ચડ વચ્ચે ગરબા મેદાનમાં અડધા ફુટના પાણી ભરાતા ગરબા મહોત્સવના આયોજકો માટે મોટી મુસીબત સર્જાઇ હતી.

જયારે વરસાદી વાવાઝોડા વચ્ચે ગરબા મહોત્સવના સ્થળે લગાવાયેલા હોર્ડીંગ્સ અને બાર્ડસ પણ ઉડી ગયા હતા. અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા. તોફાની વરસાદના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સતત વરસાદના લીધે સેકટરોમાં ગરબા મેદાન સહીતના કોમન પ્લોટ તેમજ આંતરિક માર્ગો પર વરસાદી પાણી ફરી વળ્યા હતા. વરસાદના લીધે રાત્રિના સમયે જનજીવન અસ્ત વ્યસ્ત થઈ ગયુ હતુ. વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ફરી વળ્યા હતા અને કાદવ કીચ્ચડ વચ્ચે ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. આ સ્થિતિ વચ્ચે શેરીગરબા બંધ રહ્યા હતા અને સંસ્થાકીય ગરબા મહોત્સવની ઉજવણી પણ બંધ રહી હતી. મોડીરાત સુધી ઠંડા પવનના સુસવાટા સાથે વરસાદ વરસ્યો હતો. આજે સવારે પણ વરસાદી નઝારો યથાવત રહ્યો હતો. સવારે પણ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા વરસતા ગરબા પ્રેમીઓમાં નારાજગી વ્યાપી હતી.

પરંતુ સવારના સમય બાદ અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવ્યો હતો આકાશમાંથી વરસાદી વાદળો વિખેરાઇ ગયા હતા. આકાશમાં સુરજદાદા તપતા ઉઘાડ નિકળ્યો હતો. જયારે દિવસ દરમિયાન સુર્યપ્રકાશની હાજરી રહેતા વરસાદી પાણી પણ ઓસરી ગયા હતા. બીજીતરફ વરસાદી વાદળો દુર હટતા ખૈલેયાઓમાં પણ હર્ષની લાગણી વ્યાપી હતી. ગરબા મહોત્સવના આયોજકો પણ મેદાનમાંથી પાણી ઉલેચવાના કામે લાગી ગયા હતા. સાંજના સમયે સેકટરોના ગરબા મેદાનમાં રોશનીની જગમગ વચ્ચે ગરબાની રમઝટ જામી હતી.

## સાથે ભરવો પડશે.... ● છેલ્લા પાનાનું ચાલુ

વસુલાતનો વેપલો ખોટનો ધંધો પુરવાર થયેલો છે. ૩ કરોડથી વધુની વસુલી સામે માત્ર ૧ થી ૧.૫૦ કરોડની જ વસુલી થતી હોય છે.

૨૪૮૭ પાણી સપ્લાય આપવાના પ્રોજેક્ટ પર પણ આ બેઠકમાં ચર્ચાઓ થઈ હતી પરંતુ પછી સરકારે ઉતાવળે નહિ ધીમે ધીમે આગળ વધવાની સલાહ મનપાના તંત્રને આપી હોવાનુ જાણવા મળેલ છે. આ માટે મનપાના તંત્રના અંદાજો અને સરકારના અંદાજો વચ્ચે ભારે તફાવત જોવા મળ્યો હતો.

બીજુ મનપાએ જે અંદાજ આપ્યો તેમાં કેટલાક સીમીત વિસ્તારને લઈ જ વાત કરાઈ હતી. સરકાર સમગ્ર શહેરને સમાવી લેવા માટે આગ્રહી છે. શહેરમાં પાણીનો વેડફાટ અટકે તેના માટે પગલાં લેવા પણ મનપાના તંત્રને જણાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

